માનનીય અધ્યક્ષ શ્રી આજે ગૃહમાં માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ જ્યારે માંગણી નંબર 65 નર્મદા વિકાસ લઈને આવ્યા હોય ત્યારે હું એ માગણીઓને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજુ કરું છું.

માનનીય સ્પીકર શ્રી.

માનનીય સ્પીકર શ્રી,

જળ જીવનનું અમૃત છે,

પ્રકૃતિના પંચમહાભૂતો પૈકી પાણી એ અસ્તિત્વનો આધાર છે. જીવ સૃષ્ટિની ઉત્પતિ, સંવર્ધન અને વિકાસના પાયામાં રહેલી પાણીની ઉપલબ્ધતા જે તે સંસ્કૃતિ કે સમાજનું ગુણવત્તાયુક્ત જીવનધોરણ અને સમૃદ્ધિનો માપદંડ છે. જન સામાન્ય ની પર્યાપ્ત અને શુદ્ધ પીવાના પાણીની પ્રાથમિક જરૂરિયાતોને પરિપૂર્ણ કરી આપણા મૃત્યુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ વાળી રાજ્ય સરકાર પાણીના વ્યવસ્થાપનમાં સમગ્ર દેશ માટે પથદર્શક બની છે..

દેશમાં જ્યારથી નરેન્દ્રભાઈ વડાપ્રધાન બન્યા ત્યારથી જળ મંત્રાલય સૌ પ્રથમવાર શરૂ કરવામાં આવ્યું તે બાબત દર્શાવે છે કે પાણી માટે કેન્દ્ર સરકાર કેટલી ચિંતિત છે...

રાજ્યમાં જીજીઆરસી દ્વારા 2005 થી કેન્દ્ર અને રાજ્ય સરકારના સંકલન દ્વારા ટપક,ફુવારા, રેઈનગન, પોરસ પાઇપ અપનાવતા લાભાર્થી ખેડૂતોને પર ડ્રોપ મોર ક્રોપ સૂક્ષ્મ સિંચાઈની જોગવાઈ અનુસાર યોજનાનું અમલીકરણ કરાવે છે.

આ યોજના અંતર્ગત વિવિધ કેટેગરીમાં ખેડૂતોને 70 થી 90% સુધીની સબસીડી આપવામાં આવે છે.

માનનીય સ્પીકર શ્રી,

જીજીઆરસી ની સ્થાપના એટલે કે વર્ષ 2005 થી લઈને 2024 સુધી રાજ્યમાં કુલ ૧૫ લાખ જેટલા ખેડૂતોએ 22.84 લાખ એક્ટર વિસ્તાર માટે યોજનાનો લાભ લીધેલ છે તે માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના ફંડમાંથી કુલ મળીને 8118 કરોડની સહાય ચૂકવેલ છે.

માનનીય સ્પીકર શ્રી,

સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિથી રાજ્યના ખેડૂતો વૈજ્ઞાનિક ઢબની પદ્ધતિ કરવા લાગ્યા એના લીધે ઉત્પાદનમાં 25 થી 30 ટકાનો વધારો થયો. પાણીની પણ બચત થઈ વીજળીની પણ બચત થઈ ખાતરની પણ બચત થઈ અને કાર્યક્ષમતામાં વધારો થયો સાથે સાથે મજૂરી ખર્ચમાં પણ ઘટાડો અને પાકની ઉત્પાદન અને ગુણવત્તામાં વધારો થયો છે.

અને સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ માટે કરેલા ખેડૂતોએ રોકાણનું વળતર એમને બે પાકની સિઝનમાં પરત મળે છે એવું આઇઆઇએમ અમદાવાદનો સર્વે રિપોર્ટ કહે છે.

ટેકનોલોજી નો ઉપયોગ કરીને જીજીઆરસી દ્વારા ખેડૂત પોર્ટલ શરૂ કરેલ છે અને આ પોર્ટલથી ખેડૂતો ઘરે બેઠા સરળતાથી એના માટે પૂર્વ નોંધણી કરી શકે છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

રાજ્ય સરકારે આ વર્ષના બજેટમાં જળ સંપત્તિ પ્રભાત માટે 11,535 કરોડની બજેટમાં જોગવાઈ કરી છે તે બદલ રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું..

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા આ વર્ષે નર્મદા યોજનાની નહેરોનું 226 km લંબાઇનું બાંધકામ પૂર્ણ કરીને અત્યાર સુધી રાજ્યમાં કુલ 63,773 કિલોમીટરની લંબાઈમાં નહેરોનું બાંધકામ પૂર્ણ કરેલ છે.

માનનીય અધ્યક્ષ શ્રી,

વર્ષ પહેલા આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબ દ્વારા સુઈગામ ડિસ્ટ્રીબ્યુટરનું ખાતમુરત કરવામાં આવેલ જેના માટે 70 કરોડની જોગવાઈ થયેલ છે જે સુઈગામ ડીસ્ટ્રીબ્યુટરીનું 53% બાંધકામ પૂર્ણ થયેલ છે જેનાથી વેજપુર અને માડખા શાખા નહેરના 22 જેટલા ગામોના વિસ્તારને સિંચાઇનો લાભ મળશે.

સમગ્ર સૌરાષ્ટ્રના 11 જિલ્લાના જળાશયો ભરવા સૌની યોજનાના વિવિધ પેકેજોમાં શરૂ કરવામાં આવી છે જેના લીધે સમગ્ર સૌરાષ્ટ્રમાં સિંચાઈ અને પીવાના પાણી માટે ખૂબ જ લાભ થયો છે..

માનનીય અધ્યક્ષ શ્રી,

સૌની યોજના દ્વારા સમગ્ર સૌરાષ્ટ્રના જળાશયો,તળાવો,ચેક ડેમો નર્મદાના નિર થી ભરવામાં આવેલ છે અને સૌરાષ્ટ્રના સૌથી મોટા શહેરો રાજકોટ, ગોંડલ, જામનગર, ભાવનગર, બોટાદ અને મોરબી જેવા શહેરોમાં નર્મદાના નીર નાગરિકોને સુધી પહોંચ્યા છે.

એજ રીતે સમગ્ર રાજ્યમાં જળ સ્ત્રોતના સંગ્રહનો વ્યાપ વધારવા સુજલામ સુફલામ અભિયાન અંતર્ગત છેલ્લા છ વર્ષમાં લગભગ 98,234 કામ પૂર્ણ કરેલ છે જે પૈકી તળાવ ઊંડા કરવાના 35000 કામો કરવામાં આવેલ છે તથા 21000 જેટલા ચેકડેમોના કામો કરેલ છે.

સિંચાઈ યોજનામાં રાજ્ય સરકારે ખેડૂત પિયત મંડળી દ્વારા જળ વ્યવસ્થાપનમાં ખેડૂતોને પણ સામેલ કરેલ છે જેમાં અત્યાર સુધી 2837 મંડળી દ્વારા લગભગ 9 લાખ એક્ટર વિસ્તારને એનો લાભ મળે છે.

મારા જિલ્લાની વાત કરું તો ઉત્તર ગુજરાતના વિસ્તારમાં નર્મદાના પાણીના લાભથી વંચિત રહેલા થરાદ ધાનેરા ડીસા દિયોદર અને કાંકરેજ તાલુકાના ગામો માટે સરકાર દ્વારા બે નવીન પાઇપલાઇન યોજનાઓની સેદ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે આ યોજના થકી 15,000 હેક્ટર કરતા પણ વધુ વિસ્તારને સિંચાઈનો પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ થશે જે માટે રાજ્ય સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું..

સાથે સાથે બનાસકાંઠા જિલ્લામાં પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત જે કિસ્સામાં ખેડૂતોએ તલાવડી બનાવેલ હોય તેમાં રાજ્ય સરકાર દ્વારા જીયોમેમ્બ્રેન પ્લાસ્ટિક ફીટ કરી આપવામાં આવેલ છે અને તાજેતરમાં એની કામગીરી શરૂ છે.

ખેત તલાવડી લીધે ચોમાસા દરમિયાન વરસાદી પાણી સીધેસીધું જમીનમાં ઉતરતું નથી અને ખેડૂત સંગ્રહિત થયેલ પાણીનો વિપરીત સંજોગોમાં ઉપયોગ કરીને પોતાના પાકનો બચાવ કરી શકે છે..

માનનીય અધ્યક્ષશ્રી..

આ વર્ષે રાજ્ય સરકાર દ્વારા 10 જિલ્લાના ૮૬ તાલુકામાં લગભગ 40 કરોડના અંદાજિત ખર્ચે 3000 કરતાં વધુ ખેડૂતોને પ્લાસ્ટિક આપવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી,

એ જ રીતે રાજ્યના દુરંદેશી નેતૃત્વમાં પાણી પુરવઠા વિભાગ દ્વારા જેટલા 22 વર્ષના આયોજન અને અમલના લીધે આજે દૈનિક 3200 એમએલડી જેટલું પીવાનું પાણી ગ્રામ્ય વિસ્તારમાં પૂરું પાડી ગુજરાત સમગ્ર દેશમાં મોડેલ સ્વરૂપે ઉભરી આવેલ છે..

સમગ્ર રાજ્યમાં દેશની સૌપ્રથમ એવી રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડ સિસ્ટમ દ્વારા રાજ્યના લગભગ 15000 ગામો અને 241 શેહેરી વિસ્તારોને પીવાના પાણીની સુવિધા પૂરી પાડવા 3200 કિલોમીટરની મુખ્ય પાઇપ લાઇનનું વિશાળ નેટવર્ક ઊભું કરેલ છે..

માનનીય અધ્યક્ષશ્રી,

આમ, ગુજરાત દેશના વિકાસમાં પોતાનો ફાળો ઉતરોતર વધારી દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત થયેલ છે.

રાજ્યની આ વિકાસ યાત્રાના પ્રણેતા અને ગુજરાતના પનોતા પુત્ર માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આઝાદની શતાબ્દી એટલે કે વર્ષ 2047 સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા આહ્વાન કર્યું છે.

વિકસિત ભારતની આ સંકલ્પનામાં ગુજરાત અગત્યનો ફાળો ભજવી દેશના આર્થિક અને સામાજિક વિકાસનું સુકાન સંભાળે તે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાહેબના નેતૃત્વ વાળી સરકારની ધ્યેય છે.